# તપાસ કરો. જાણો લક્ષણો

**કેન્સરનું વહેલું નિદાન જીવન બચાવી શકે છે**

## આંતરડાનું કેન્સર

આંતરડાનું કેન્સર એ ત્રીજું સૌથી સામાન્ય પ્રકારનું કેન્સર છે. નિદાન કરવવાથી આંતરડાનું કેન્સર થતું રોકી શકાય અથવા તેને પ્રારંભિક તબક્કે, જ્યારે તેની સારવાર કરવી સરળ હોય છે, ત્યારે શોધી શકાય છે.

### લક્ષણો

- તમારા ગુદા માર્ગેથી લોહી પડવું
- હંમેશાં થાક લાગે પરંતુ ચોક્કસ કારણ ખબર ન હોય
- તમારી હાજતે જવાની આદતોમાં ફેરફાર થવો. તમે વારંવાર અથવા ઓછી વખત હાજતે જાઓ અથવા ઝાડા કે કબજિયાત થઇ શકે છે.
- વજન ઘટવા લાગે પરંતુ ચોક્કસ કારણ ખબર ન હોય
- તમને પેટમાં દુ:ખે અથવા ગઠ્ઠો થઇ ગયો હોય તેવું લાગે

**જો તમને શરીરમાં કંઇક અસામાન્ય લાગે, તો તમારા GPનો સંપર્ક કરો**

વધુ વિગતો માટે QR સ્કૅન કરો

## સ્ક્રીનીંગ

સર્વાઇકલ/ગાયનેકોલોજિકલ નિદાનથી આ કેન્સર અટકાવી શકાય છે. તેમાં હ્યુમન પેપિલોમાવાયરસ (HPV) નામના વાયરસનું પરીક્ષણ કરવામાં આવે છે. ઉચ્ચ જોખમના HPVના કારણે સર્વાઇકલ કોષો અસામાન્ય બની શકે છે. વાસ્તવમાં સર્વાઇકલ કેન્સરના તમામ કેસો ઉચ્ચ જોખમવાળા HPVસાથે સંકળાયેલા હોય છે.

### લક્ષણો

- યોનિમાર્ગમાંથી અસામાન્ય રક્તસ્રાવ
- યોનિમાર્ગમાંથી ગંધયુક્ત પ્રવાહીનો સ્રાવ
- સતત થાક લાગવો
- વજનમાં અનપેક્ષિત રીતે ઘટાડો
- મેનોપોઝ પછી રક્તસ્રાવ
- પગ/પેડુમાં પીડા
- સંભોગ દરમિયાન પીડા અને અસ્વસ્થતા

**જો તમને શરીરમાં કંઇક અસામાન્ય લાગે, તો તમારા GPનો સંપર્ક કરો**

વધુ વિગતો માટે QR સ્કૅન કરો

## સ્તન કેન્સર

સ્તન કેન્સરના નિદાન દ્વારા પ્રત્યેક 200માંથી 1 મહિલાનું જીવન બચાવી શકાય છે. આનાથી UKમાં દર વર્ષે સ્તન કેન્સરથી લગભગ 1,300 લોકોનો જીવ બચી શકે છે.

### લક્ષણો

- સ્તનમાં ગઠ્ઠો
- સ્તનની ડીંટડીની સ્થિતિ ઉલટી થઇ જાય
- ત્વચામાં લાલાશ અને ગરમ રહે
- ત્વચામાં ખાડા પડે અથવા નિસ્તેજ થઇ જાય
- સંપૂર્ણ સ્તનમાં અથવા અમુક ભાગમાં સોજો
- લોહી નીકળે
- બગલ પર દેખીતો ગઠ્ઠો થાય
- ત્વચામાં બળતરા થાય અથવા તેના દેખાવમાં ફેરફાર થાય

વધુ વિગતો માટે QR સ્કૅન કરો

**જો તમને શરીરમાં કંઇક અસામાન્ય લાગે, તો તમારા GPનો સંપર્ક કરો**

**જોખમ ન લો. આજે જ લક્ષણો તપાસો. જો વહેલી તકે કેન્સર પકડાઇ જાય તો તેનો ઈલાજ થઇ શકે છે.**

વધુ માહિતી માટે, એક પત્રિકા તમારી પાસે રાખો અથવા QR કોડ સ્કૅન કરો